## -//<u>ફોર્મ-એ</u>//-

| **મહેસાણાના બીજા અધિક સેસન્સ જજ અને સ્પે.જજ(પોક્સો) સાહેબશ્રીની અદાલત, મુ.મહેસાણા.** | |
|---|---|
| | ફેસલ તારીખ:૧૩/૦૩/૨૦૨૬<br>**સ્પે.પોક્સો કેસ નંબર.૦૬/૨૦૨૬**<br>એફ.આઈ.આર.નં.૧૧૨૦૬૦૭૬૨૫૦૩૨૦/૨૦૨૫<br>પોલીસ સ્ટેશનઃ વસઈ<br>**આંક-૬૮** |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ પક્ષ તરફે | વિ. સરકારી વકીલશ્રી પી. કે. દવે |
| આરોપી | સાહિલજી રમેશજી બેચરજી ઠાકોર<br>ઉ.વ.૧૯,<br>રહે.લીંચ, ગુરૂનગર, તા., જી.મહેસાણા |
| આરોપી તરફે | આરોપી તર્ફે વિ.વ.શ્રી એમ.આર.ગુર્જર |

## -//<u>ફોર્મ-બી</u>//-

| | |
|---|---|
| બનાવની તારીખ | ૨૯/૧૧/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૧/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ (આંક-૦૬) | ૦૫/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૦/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| જજમેન્ટ પર મુક્યા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ | – |
| સમય ગાળો. | વર્ષ–૦૦ માસ–૦૧ દિવસ–૨૪ |

## –// આરોપીની વિગત //–

| **ક્મ.** | સાહિલજી રમેશજી બેચરજી ઠાકોર | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | સાહિલજી રમેશજી બેચરજી ઠાકોર ઉ.વ.૧૯, રહે.લીંચ, ગુરુનગર, તા., જી.મહેસાણા. |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૦૭/૧૨/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટ ૨૦૧૨ ની ક.૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ. |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | – |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

## –//ફોર્મ–સી//–

**એ. ફરીયાદ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| **અ.નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | ૦૮ | ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની | ભોગબનનાર |

| | | | |
|---|---|---|---|
| ૦૨ | ૧૩ | કાળુજી શંકરજી ઠાકોરની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી |
| ૦૩ | ૧૫ | મંજુલાબેન વા–ઓ કાળુજી શંકરજી ઠાકોરની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૪ | ૧૬ | ડો.બ્રીજરાજ જયંતકુમાર વાઘેલાની સોગંદ ઉપરની જુબાની | ડોકટર |
| ૦૫ | ૨૪ | જીતેન્દ્રકુમાર વિષ્ણુભાઈ રાવળની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૬ | ૨૮ | ચૌધરી મેહુલ દિનેશભાઈની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૭ | ૩૧ | ડો. જીગર એમ. દેસાઈની સોગંદ ઉપરની જુબાની | ડોકટર |
| ૦૮ | ૩૭ | તેજસકુમાર જયરામભાઈ દેસાઈની સોગંદ ઉપરની જુબાની | પી.આઈ. |

**બી. બચાવ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | | – | – |

**એ. ફરીયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ભોગબનનારનું અસલ નિવેદન |
| ૨. | ૧૦ | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૩. | ૧૧ | શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ |
| ૪. | ૧૨ | જન્મનું પ્રમાણપત્ર |
| ૫. | ૧૪ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૬. | ૧૭ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૭. | ૧૮ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૮. | ૧૯ | ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારુ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૯. | ૨૦ | ટ્રાન્સફર ચીટની સ્થળપ્રત |
| ૧૦. | ૨૧ | આરોપીનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧. | ૨૨ | આરોપીના અસલ કેસ પેપર્સ |
| ૧૨. | ૨૩ | આરોપીના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારુ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૧૩. | ૨૫ | આરોપીના કપડાં કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૧૪. | ૨૬ | બોગબનનારના કપડાં કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૧૫. | ૨૭ | ગુનાબનાવવાળી જગ્યાનું અસલ પંચનામું |
| ૧૬. | ૨૯ | જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ |
| ૧૭. | ૩૨ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૮. | ૩૩ | ભોગબનનારની મેડીકલ તપાસણી સારુ આપેલ રીફર ચીટ |
| ૧૯. | ૩૪ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૨૦. | ૩૫ | એફ.એસ.એલ.માં મોકલવા સારુ ભરેલ ટુ.બી.ફોર્મ |
| ૨૧. | ૩૮ | ગુનાની તપાસ સંભાળી લેવા કરેલ રીપોર્ટ |
| ૨૨. | ૩૯ | સુચીપત્રક |
| ૨૩. | ૪૦ | હાજરીનો ઉતારો |
| ૨૪. | ૪૧ | ભોગબનનારના જન્મનો દાખલો ખરાઈ કરવા બાબતેનો રીપોર્ટ |
| ૨૫. | ૪૨ | ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરી આપેલ જન્મનું પ્રમાણપત્ર |
| ૨૬. | ૪૩ | ભોગબનનારના વાલી ફોર્મની ખરાઈ કરી આપવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૨૭. | ૪૪ | ભોગબનનારના વાલી ફોર્મની નકલ |
| ૨૮. | ૪૫ | ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરી દાખલો |

| | | |
|---|---|---|
| | | આપવા સારુ કરેલ રીપોર્ટ |
| ૨૯. | ૪૬ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |
| ૩૦. | ૪૭ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |
| ૩૧. | ૪૮ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |
| ૩૨. | ૪૯ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા સારુ ભરેલ રવાનગી પત્રક |
| ૩૩. | ૫૦ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તે બદલની પહોંચ |
| ૩૪. | ૫૧ | ઇ ભારતીય સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૩૫. | ૫૨ | એફ.આઈ.આર.માં કલમ વધારો કરવા સારુ કરેલ રીપોર્ટ |
| ૩૬. | ૫૩ | બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબ નિવેદન લેવા સારુ કરેલ રીપોર્ટ |
| ૩૭. | ૫૪ | આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારુ રીપોર્ટ |
| ૩૮. | ૫૫ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૩૯. | ૫૬ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૪૦. | ૫૭ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૪૧. | ૫૮ | મોબાઈલની કોલ ડીટેઈલ મેળવવા સારુ ભરેલ સી.ડી.આર.ની માહિતી |
| ૪૨. | ૫૯ | ગુમ થવા બાબતમાં ભરવાની પત્રક |
| ૪૩. | ૬૦ | સરકારી પંચો ફાળવવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૪. | ૬૧ | એફ.ટી.પી. મેસેજ |
| ૪૫. | ૬૨ | મોબાઈલની કોલ ડીટેલની સી.ડી.આર.એનાલીસીસ |
| ૪૬. | ૬૩ | મોબાઈલ કાર્ડની માહિતી મેળવવા સારુ ભરેલ |

| | | |
|---|---|---|
| | | સી.એ.એફ. ફોર્મ |
| ૪૭. | ૬૪ | મોબાઈલ નંબરની માહિતી મેળવવા સારુ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૪૮. | ૬૫ | વિમલ ડેરીને આરોપીની નોકરીની માહિતી પુરી પાડવા કરેલ રીપોર્ટ |
| ૪૯. | ૬૬ | વિમલ ડેરીએ આરોપીની નોકરીની માહિતી પુરી પાડેલ તે રીપોર્ટ |
| ૫૦. | ૬૭ | ક્લોજીંગ પુરશીશ |

**બી.** **બચાવ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| | | – |

**વિષયઃ–** બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની ક.૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ.

---

**–/ જજમેન્ટ /–**

(૧) ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે પોતાના પરિવાર સાથે રહે છે અને તેઓની ભોગબનનાર દીકરીની જન્મ તા.૧૬/૦૯/૨૦૦૮ ની છે અને તે વસઈ શેઠશ્રી જી.એસ હાઈસ્કુલ ખાતે ધોરણ–૧૦ સુધી ભણેલી છે. ભોગબનનાર છેલ્લા બે માસથી વિમલ ડેરીમાં પ્રાઈવેટમાં નોકરી કરતી હતી અને રોજ સવારે સાત વાગ્યે ઘરેથી નીકળી અને સાંજના સાતેક વાગ્યે ઘરે પરત આવતી હતી. તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ સવારે આશરે સાત એક વાગ્યાના સોમવારે ભોગબનનાર વિમલ ડેરીમાં જવાનું

કહીને ઘરેથી નીકળી ગયેલ અને સાંજના સાત એક વાગ્યા સુધી ઘરે પરત નહીં આવતા ફરીયાદી એ ભોગબનનારના મોબાઈલ નંબર ઉપર ફોન કરેલ અને તે મોબાઈલ બંધ આવતો હતો જેથી ભોગબનનારની વિમલ ડેરી, મહેસાણા ખાતે તપાસ કરતાં ભોગબનનાર સવારથી વિમલ ડેરીમાં આવેલી નથી તેવી જાણ થયેલી. ત્યારબાદ ભોગબનનારની તપાસ કરતા તે મળી આવેલી નહીં અને જાણવા મળેલ કે ભોગબનનારને સાહિલ રમેશજી ઠાકોર, રહે.લીંચ, તા.જી.મહેસાણા સાથે પરિચય હતો અને તેથી આ સાહિલના ઘરે તપાસ કરતા તે પણ ઘરે મળી આવેલ નથી. જેથી આ સાહિલ ભોગબનનારને ભગાડીને લઈ ગયેલ છે તે રીતની આક્ષેપોવાળી વિગતવારની ફરીયાદ તા.૦૧/૧૧ /૨૦૨૫ ના રોજ ફરીયાદીએ વસઈ પોલીસ સ્ટેશનમાં આપેલી છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે વસઈ પોલીસે વસઈ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૬૦૭૬૨૫૦૩૨૦/૨૦૨૫ થી બી.એન. એસ. ની ક.૧૩૭(૨), ૮૭ મુજબનો ગુનો તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ રજીસ્ટર કરેલ. ત્યારબાદ પોલીસની તપાસમાં ભોગબનનાર મળી આવતા તપાસના કામે જાહેર થયેલી વિગતોના આધારે બી.એન.એસ ની ક.૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની ક.૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ અને આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરેલ અને નિયત સમયમર્યાદામાં આરોપીને કોર્ટમાં રજૂ કરતા જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે.

(૩) આ કામે પોલીસની તપાસ પૂરી થતાં પોલીસે બી.એન.એસ.એસ. ની ક.૧૯૩ મુજબ આરોપી વિરુદ્ધ બી.એન.એસ. ની ક.૧૩૭ (૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની ક.૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના ગુનાના આક્ષેપો કરતું ચાર્જશીટ તા.૧૭/૦૧/ ૨૦૨૬ ના રોજ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં રજૂ કરતા આ ચાર્જશીટને સ્પેશિયલ પોક્સો રજીસ્ટરે સ્પેશિયલ પોક્સો કેસ નં.૦૬/૨૦૨૬ થી

રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૪) આ કામે આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હોય આરોપીને જેલમાંથી હાજર રખાવવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. ત્યારબાદ આંક–૬ થી આરોપી વિરુદ્ધ બી.એન.એસ. ની ક.૧૩૭(૨),૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટની ક.૪,૫(એલ),૬,૮,૧૨ મુજબના ગુનાનું તહોમત ફરમાવી આરોપીની પ્લી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે તેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકત સાબિત કરવા માટે ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

આ સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફથી આ ફરીયાદના કામે રજૂ કરવામાં આવેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં આરોપી વિરુદ્ધ જે વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે તેનો ખુલાસો કરવા માટે બી.એન.એસ.એસ. ની ક.૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાના વિરુદ્ધની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખોટો કેસ કરવામાં આવેલો છે તે રીતની વિગત રજુ કરેલી છે.

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કેસમાં ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ ભોગબનનારે બી.એન.એસ.એસ. ની ક.૧૮૩ મુજબ નિવેદન

આપેલ છે તે રીતની વિગતની સમર્થન આપેલ છે. તે સિવાય શાળા છોડ્યાના પ્રમાણપત્રની વિગતને સમર્થન આપેલું છે અને ભોગબનનારની જન્મ તારીખ સાબિત થયેલી છે. આ સિવાય ભોગબનનારના માતા–પિતા પણ ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ ફરીયાદીએ ફરીયાદ આપેલી છે તે વિગત પુરાવામાં રેકોર્ડ ઉપર લાવવામાં આવેલી છે. આ સિવાય ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીના આધારે તથા પંચની જુબાનીના આધારે પંચનામા સાબિત થયેલા છે અને તપાસ કરનાર અમલદારની જુબાનીની વિગતને ધ્યાને લેતા આ કેસમાં રજૂ થયેલા પુરાવાના આધારે કેટલાક વિરોધાભાસ રેકર્ડ ઉપર આવવા છતાં તેને અવગણતા ફરીયાદપક્ષ દ્વારા પોતાનો કેસ આરોપી વિરુદ્ધ તહોમતનામાની વિગતે સાબિત કરવામાં આવેલો હોય આરોપીને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલી છે.

(૮) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલો સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં હાલના ભોગબનનાર તથા તેના માતા–પિતા ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓએ બનાવની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપેલ નથી. વધુમાં ભોગબનનારે હાલના આરોપી દ્વારા કોઈ શરીર સંબંધ બાંધવામાં આવેલો નથી તે રીતની સ્પષ્ટ વિગત જણાવેલી છે તેમજ ભોગબનનારના માતા–પિતાએ પણ બનાવની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપેલ નથી. ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં રહે છે જેથી આ તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ રજૂ થયેલ પુરાવાના આધારે આરોપી વિરુદ્ધ સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા દલીલ કરેલી છે.

(૯) આ કામે હાલના કેસના નિર્ણય માટે કેસનું તમામ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધું.

(૧૦) ઉપરોક્ત હકીકતે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે હાલના આરોપીએ સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીની પરવાનગી સિવાય, કાયદેસરના વાલીની કસ્ટડીમાંથી, ગેરકાયદેસર રીતે પોતાની સાથે સગીરને લઈ જઈ, ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૧૧) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧: નકારમાં

૨. મુદ્દા નં.૨: આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

## –// કા ર ણો //–

**મુદ્દા નં.૧:–**

(૧૨) આ કામે ભોગબનનારને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને સદરહુ ભોગબનનારની જુબાનીમાં આંક–૯ થી બી.એન.એસ.એસ. ની ક.૧૮૩ મુજબનું નિવેદન તથા આંક–૧૦ થી આધાર કાર્ડની નકલ તથા આંક–૧૧ થી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને આંક–૧૨ થી જન્મનું પ્રમાણપત્ર રજૂ થયેલ છે. સદરહુ ભોગબનનારને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત વિ.સરકારી વકીલશ્રી દ્વારા પુરાવામાં રેકર્ડ ઉપર જુબાની દરમ્યાન લાવવામાં આવેલી નથી. આવા સંજોગોમાં સદરહુ

ભોગબનનારની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો આ ભોગબનનારે પોતાની જુબાનીમાં એવું સ્પષ્ટ જણાવેલું છે કે,

> "હું છેલ્લે શેઠ જી.એસ.હાઈસ્કૂલમાં ભણેલી છું. મને જન્મ તારીખ યાદ નથી. સાહીલ સાથે મારે પરીચય થયેલો અને અમારે વાતચીત થતી હતી. હું નોકરી જતી હતી ત્યા બીજા દિવસથી તેની સાથે વાત થતી હતી. **મારે સાહીલ સાથે સોસીયલ મીડીયાથી કોઈ વાતચીત થયેલી નથી. મારા માતા–પિતાએ મારી સગાઈ કોઈ છોકરા સાથે કરવા માટે વાતચીત કરેલ હોય કે નકકી કરેલ હોય તેવુ બનેલું નથી. મે સાહીલને મારે સગાઈ કરવી નથી અને સાહીલે કહેલુ હોય કે ચાલ આપડે ભાગી જઈએ તેવું કશુ બનેલુ નથી. હું સાહીલની સાથે નીકળેલી હોય અને અલગ–અલગ જગ્યાએ રહેલી હોય તેવું બનેલું નથી. હું સાહીલ સાથે ભાગી ગયેલી હોય અને સાહીલે મારી સાથે શરીર સબંધ બાંધવા માટે વાત કરેલી હોય અને મે તેને એવું કહેલુ હોય કે, આ બધુ લગ્ન પછી કરીશું તેમ છતા સાહીલે મારી સાથે શરીર સબંધ બાંધેલો હોય તેવું બનેલું નથી. મે સાહીલને ના પાડેલી હોય તેમ છતા મારી મરજી વિરૂધ્ધ સાહીલે મારી સાથે ત્રણ વખત શરીર સબંધ બાંધેલો હોય તેવું બનેલુ નથી. મારી શારીરીક તપાસણી માટે ડોકટર પાસે લઈ ગયેલા પરંતુ ત્યા મે ડોકટરને લખાવેલું નથી. આ બનાવની ફરીયાદ મારા પિતાજીએ આપેલી. મે મારા મમ્મી–પપ્પાને કોઈ વાત કરેલી નથી."**

આવા સંજોગોમાં ભોગબનનારની જુબાનીની આ વિગત ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપી ભોગબનનારને કોઈ જગ્યાએ લઈ ગયેલા હોય અને ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને તેઓ સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. વધુમાં આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ભોગબનનારની ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તે ઉલટ તપાસની વિગત પણ અત્રે નોંધવી ખૂબ જ જરૂરી છે અને તે એવી છે કે,

> **"એ વાત ખરી છે કે, હું વસાઈથી મહેસાણા નોકરી કરવા માટે આવતી હતી. તેથી મારા માતા–પિતાને ચિંતા થતી હોવાથી તેઓ મારી નોકરી છોડાવી દેવાનું કહેતા હતા. એ વાત ખરી છે કે મારે ખેતરમાં ખેત મજુરી કરવી ન હતી અને મારે મહેસાણા નોકરી કરવી હતી તેથી જીદ કરતી હતી. એ વાત ખરી છે કે,તા.૨૮/૧૧/૨૦૨૫ અને તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ મારા મમ્મી–પપ્પાએ મને નોકરી જવા ન દેતા મારે તેઓની સાથે બોલાચાલી થયેલી. એ**

**વાત ખરી છે કે, મારે મારા મમ્મી પપ્પા સાથે નોકરી બાબતે બોલાચાલી થયેલી તેથી તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ હું નોકરી ઉપરથી સિધી મારી બહેનપણીના ઘરે જતી રહેલી. આ ચારપાંચ દિવસ હું મારી બહેનપણીના ઘરે રહેલી. એ વાત ખરી છે કે, મારી બહેનપણીના ઘરે ચારપાંચ દિવસ રોકાયેલ ત્યારે મારી બહેનપણી તથા તેના મમ્મી પપ્પાએ મને એવું કહેલુ કે, હવે વધારે અહીયા રોકાવાય નહી જેથી તું તારા ઘરે જતી રહે તેથી હું જાતે મારા ઘરે આવી ગયેલી. મારા મમ્મી પપ્પાએ મને એવુ કહેલુ કે, પોલીસમાં ફરીયાદ આપેલી છે તેથી તે મુજબ તારે જવાબ લખાવવો પડશે તેમ કહી મને પોલીસ સ્ટેશન લઈ ગયેલા. એ વાત ખરી છે કે, પોલીસમાં મે માત્ર મારુ નામ અને સરનામું અને ઉંમર લખાવેલી છે તે સિવાય બીજી કોઈ હકિકત લખાવેલી નથી. એ વાત ખરી છે કે, ડોકટર પાસે લઈ ગયા ત્યારે મારી મમ્મી મારી સાથે હતી. એ વાત ખરી છે કે, શારીરીક તપાસણી વખતે ડોકટર રુબરુ બધી વિગતો મારી માતાએ લખાવેલી હતી અને મે કોઈ વિગત લખાવેલી નથી. એ વાત ખરી છે કે,જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા માટે લઈ ગયેલા ત્યાં મારા મમ્મી પપ્પા તથા સગાસંબંધીઓના કહેવા મુજબ મે વિગતો લખાવેલી હતી. એ વાત ખરી છે કે, નોકરી ઉપર છોકરા છોકરીઓ કામ કરતા હોવાથી એકબીજા સાથે વા-તો કરતા હતા. એ વાત ખરી છે કે, આ આરોપી સાહીલ મને કોઈ જગ્યાએ લઈ ગયેલો નથી અને તેણે મારી સાથે કોઈ બદકામ (દુષ્કર્મ) કે બળાત્કાર કરેલો નથી. એ વાત ખરી છે કે, પોલીસમાં કપડા મારા મમ્મીએ આપેલા હતા. એવાત ખરી છે કે, મારા મમ્મીએ પોલીસમાં સાબુ પાઉડ-રથી ધોઈને ચોખ્ખા કરેલા કપડા આપેલા."**

આવા સંજોગોમાં ઉલટતપાસમાં પણ હાલના આરોપી ભોગબનનારને કોઈ જગ્યાએ લઈ ગયેલા હોય અને ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને ભોગબનનાર સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. આ સિવાય જજ સાહેબ સમક્ષ બી.એન.એસ.એસ. ની ક.૧૮૩ મુજબનું નિવેદન સગા સંબંધીઓના કહેવા મુજબ લખાવેલું છે તેવું ભોગબનનારે જણાવેલ છે તેવી વિગતને માનવા માટે વ્યાજબી કારણ જણાય છે જેથી ક.૧૮૩ મુજબનું નિવેદન ભોગબનનારે પોતે સ્વતંત્ર રીતે લખાવેલ હોય તેવું જણાઈ આવતું નથી. આ સિવાય ભોગબનનારના કપડા તેની માતાએ સાબુ પાવડરથી ધોઈને પોલીસમાં ચોખ્ખા કરીને આપેલા હતા. આ સિવાય ડોક્ટર

સમક્ષની વિગત પણ ભોગબનનારની માતાએ લખાવેલી છે. આવા સંજોગોમાં ભોગબનનારે ડોક્ટરને હિસ્ટ્રી આપેલ હોય તે રીતની વિગતને તેઓ સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી અને તેથી આ ભોગબનનાર ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૩) આ કામે ફરીયાદી કાળુજી શંકરજી ઠાકોરનાઓને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૧૪ થી અસલ ફરીયાદ રજૂ થયેલી છે. સદરહુ ફરીયાદી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત આ ફરીયાદીએ જણાવેલી નથી. આવા સંજોગોમાં **સદરહુ ફરીયાદીની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો હાલના આરોપી ભોગબનનારને લઈને ગયેલા હોય તે રીતની કોઈ અંગત જાત માહિતી આ ફરીયાદીને નથી**. વધુમાં **આ ભોગબનનાર તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ નોકરી ઉપરથી પોતાની બહેનપણીના ઘરે જતા રહેલા હતા તેમજ જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા માટે લોકોએ કહેલે તે મુજબ નિવેદન લખાવેલ તે રીતની વિગત પણ જણાવેલી છે**. આ સિવાય હાલના આરોપી ભોગબનનારને ભગાડી ગયેલ હોય અને તેની સાથે બદકામ કરેલ હોય તે બાબતે સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આવા સંજોગોમાં આ ફરીયાદી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત જણાવતા ન હોવાથી આ ફરીયાદી ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૪) આ કામે સાહેદ મંજુલાબેન વા–ઓ કાળુજી શંકરજી ઠાકોર નાઓને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની

પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત વિ.સરકારી વકીલશ્રી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી. આવા સંજોગોમાં સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ ભોગબનનારના કપડાં ધોઈને પોલીસમાં આપેલા હતા. વધુમાં પોલીસે ઘરે આવીને સાહેદને માત્ર નામ અને સરનામું પૂછેલું હતું. આ સિવાય તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ ભોગબનનાર નોકરી ઉપરથી પોતાની બહેનપણીના ઘરે જતા રહેલા તે રીતની વિગત જણાવેલી છે. આ સિવાય આ સાહેદે બીજી મહત્વની એવી હકીકત જણાવી છે કે,

> **"એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારુ નામ, સરનામુ પુછેલું અને બધી વિગત પોલીસે જાતે લખી લીધેલી. એ વાત ખરી છે કે, લોકોએ જે લખાવવા માટે કહેલું તે મુજબ મે મારી દિકરીએ શીખવાડેલું તે મુજબ મારી દિકરીએ જજ સાહેબ સમક્ષ લખાવેલું. એ વાત ખરી છે કે, મારી દિકરી પરત ઘરે આવેલી ત્યારે તેણીએ જણાવેલું કે તે પોતાની બહેનપણીના ઘરે ગયેલી હતી. એ વાત ખરી છે કે, આરોપીએ મારી દિકરીને લગ્નની લાલચ આપીને ભગાડી ગયેલો હોય અને કોઈ બદકામ કરેલ હોય તેવું કઈ બનેલ નથી. એ વાત ખરી છે કે, ડોકટર સાહેબ સમક્ષ મારી ભોગબનનાર દિકરીને લઈ ગયેલ ત્યારે હું તેની સાથે હાજર હતી અને ડોકટર સાહેબને બનાવની હકિકત મે જાણાવેલી મારી ભોગબનનાર દિકરીની ડોકટર સાહેબે કોઈ પુછપછર કરેલી નથી."**

આમ, આ વિગતને ધ્યાને લેતા પોલીસમાં સાહેદે માત્ર નામ અને સરનામું લખાવેલું છે તે સિવાય બીજી કોઈ વિગત લખાવેલી નથી તેમજ હાલના આરોપી ભોગબનનારને લગ્નની લાલચ આપી ભગાડી ગયેલા હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધી બદકામ કરેલ હોય તે રીતની વિગતને પણ સમર્થન આપેલ નથી. વધુમાં ડોક્ટર સમક્ષ બનાવની વિગત આ સાહેદે જણાવેલી તેવું સાહેદે કબુલ કરેલ છે જેથી આ સાહેદ ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૫) આ કામે ડો.બ્રીજરાજ જયંતકુમાર વાઘેલાનાઓને આંક-૧૬

થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ ડોક્ટરની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ સી.એચ.સી. કુકરવાડા, તા.વિજાપુર ખાતે મેડિકલ ઓફિસર તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન ભોગબનનારને વસઈ પો.સ્ટે.ની યાદી સાથે મેડિકલ તપાસણી માટે લઈને આવેલા ત્યારે તેઓએ ભોગબનનારની હિસ્ટ્રી નોંધેલી અને શરીર ઉપરથી જરૂરી નમૂનાઓ લીધેલા અને મેડી.સર્ટી. આંક-૧૭ થી, કેસ પેપર્સ આંક-૧૮ થી અને સેમ્પલ ફોર્મ આંક-૧૯ અને ટ્રાન્સફર ચીટ આંક-૨૦ થી રજુ કરેલ છે. સદરહુ હકીકતની સામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે તેમાં ભોગબનનારની શારીરિક તપાસણી દરમ્યાન ગુપ્ત ભાગે કોઈ ઈજા જોવા મળેલી નહીં.

વધુમાં, **ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીની વિગત ધ્યાને લેવામાં આવે અને ભોગબનનાર તથા ભોગબનનારની માતાની જુબાનીની વિગતને ધ્યાને લેતા આ ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી ભોગબનનારે લખાવેલી નથી તેવા સંજોગોમાં ડોક્ટરની જુબાની તથા ભોગબનનારની જુબાની તથા ભોગબનનારની માતાની જુબાનીની વિગત ધ્યાને લેતા હિસ્ટ્રીના મુદ્દા ઉપર વ્યાજબી ટકી શકે તેવી શંકા ઉપસ્થિત થાય છે તેમ માનું છું**.

વધુમાં આ કામે સદરહુ ડોક્ટરે તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ આરોપી સાહિલ રમેશજી ઠાકોરની શારીરિક તપાસણી કરેલી અને તે બાબતેનું મેડિકલ સર્ટિફિકેટ આંક-૨૧ થી રજૂ કરેલ, આંક-૨૨ થી કેસ પેપર્સ અને આંક-૨૩ થી સેમ્પલ ફોર્મ રજૂ કરેલ છે જે વિગતની સામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમાં આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના ચિન્હ જોવા મળેલા નહીં તેમજ તાજેતરમાં આરોપીએ શારીરિક સંભોગ કરેલો હોય તેવા પણ ચિન્હો તેઓને જોવા મળેલા નહીં તે સિવાય વિશેષ કોઈ વિગત તેઓની જુબાનીમાં આવતી નથી તેમ માનું છું.

(૧૬) આ કામે પંચ જીતેન્દ્રકુમાર વિષ્ણુભાઈ રાવળનાઓને આંક-

૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૨૫ થી આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ રજૂ થયેલ છે તેમજ આંક–૨૬ થી ભોગબનનારના કપડા કબજે કરેલાનું પંચનામુ રજૂ થયેલું છે અને આંક–૨૭ થી ગુના બનાવવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે.

સદરહુ પંચની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તેઓને પોલીસે બોલાવેલ અને ભોગબનનારના કપડાં રજૂ કરવામાં આવેલ જે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે તેમજ આરોપીના કપડા રજૂ કરવામાં આવેલા છે તે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલા છે. આ સિવાય ગુના બનાવવાળી જગ્યાના મુદ્દા ઉપર આ પંચે ગુના બનાવવાળી જગ્યાએ જઈને પંચનામું કરેલાની વિગત જણાવેલી છે તેની સામે ભોગબનનારે પોલીસને કોઈ ગુના બનાવવાળી જગ્યા બતાવેલી નથી તેવું સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલું છે. ભોગબનનારે ખરેખર ગુના બનાવવાળી જગ્યા બતાવેલી છે કે કેમ? તે મુદ્દા ઉપર શંકા ઉપસ્થિત થાય છે અને તેથી આંક–૨૭ વાળા ગુના બનાવવાળી જગ્યાના પંચનામાની કાર્યવાહી શંકાના વર્તુળમાં આવી જાય છે તેમ માનું છું.

(૧૭) આ કામે મેહુલ દિનેશભાઈ ચૌધરીનાઓને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તલાટી કમ મંત્રી તરીકે કુકરવાડા તા.વિજાપુર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવે છે અને તેઓએ આ ભોગબનનારની જન્મની નોંધણી તેઓને ત્યાં રાખવામાં આવતા જન્મ નોંધણી રજીસ્ટરમાં તા.૧૯/૦૯/૨૦૦૮ ના રોજ થયેલી હોવાની વિગત જણાવેલી છે અને ભોગબનનારની જન્મ તા.૧૬/૦૯/૨૦૦૮ ની રજીસ્ટરમાં લખેલી છે તે રીતે જણાવી રજીસ્ટરની ખરી નકલ આંક–૨૯ થી રજૂ થયેલી છે. વધુમાં આંક–૧૨ વાળા જન્મનો દાખલો સાહેદની ઓનલાઇન ડિજિટલ સહીથી રજૂ થયેલો છે. આવા સંજોગોમાં સાહેદની જુબાની અને દસ્તાવેજોના આધારે ભોગબનનારની

જન્મ તા.૧૬/૦૯/૨૦૦૮ ની હોવાની સાબિત થાય છે તેમ માનું છું.

(૧૮) આ કામે ડોક્ટર જીગર.એમ.દેસાઈનાઓને આંક–૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૩૨ થી મેડિકલ સર્ટિફિકેટ, આંક–૩૩ થી રીફર ચીટ, આંક–૩૪ થી કેસ પેપર્સ, આંક–૩૫ થી ફોર્મ ટુ.બી. રજુ થયેલ છે.

સદરહુ ડોક્ટરની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ વડનગર જી.એમ. ઈ.આર. હોસ્પિટલ ખાતે ગાયનેક તરીકે હાજર હતા તે દરમ્યાન ભોગબનનારને ગાયનેક તપાસણી માટે લાવેલા અને ત્યાં તેઓએ ભોગબનનારની સંમતિ લીધેલી અને ત્યારબાદ ભોગબનનાર ની હિસ્ટ્રી નોંધેલી તે રીતની વિગત જણાવેલી છે પરંતુ ભોગબનનાર તથા તેની માતાએ જણાવેલી વિગતો મુજબ ભોગબનનારે ડોક્ટરને કોઈ વિગત જણાવેલી નથી અને ભોગબનનારની માતાએ ડોક્ટરની વિગતો જણાવેલી છે. જેથી આ ડોક્ટર સમક્ષ હિસ્ટ્રી ભોગબનનારે લખાવેલી છે કે કેમ? તે મુદ્દા ઉપર શંકા ઉપસ્થિત થાય છે અને તે બાબતે ફરીયાદપક્ષ કોઈ વ્યાજબી ખુલાસો કરી શકતા નથી તેવું મારુ શુદ્ધ બુદ્ધિપૂર્વકનું માનવું છે.

વધુમાં આ ડોક્ટર ભોગબનનારની સાથે કોઈ ચોક્કસ વ્યક્તિ સાથે શરીર સંબંધ બંધાયેલ હોય તે મુદ્દા ઉપર કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી તેમજ ભોગબનનારનું હાઈમેન શારીરિક સંબંધના કારણે તૂટેલ કે બીજા કોઈ કારણસર તૂટેલ તે હકીકત આ ડોક્ટર કહી શકે તેમ નથી.

જેથી આ તમામ બાબતો ધ્યાને લેતા હાલના આરોપીએ ભોગબનનારની સાથે શારીરિક સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને સાંયોગીક સમર્થન મળે તેવી કોઈ શંકારહીત હકીકત સાહેદની જુબાનીમાં રેકોર્ડ ઉપર આવતી નથી.

(૧૯) આ કામે ત.ક.અ. તેજસકુમાર જયરામભાઈ દેસાઈનાઓને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ તપાસ કરનાર અમલદારની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ વસઈ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ ઉપર હતા તે સમયે ફરીયાદીએ પોલીસ સ્ટેશન આવી ફરીયાદ હકીકત જાહેર કરતા ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ હકીકત લખી લેવામાં આવેલી અને ત્યારબાદ ગુનો રજીસ્ટર થઈ ગુનાની તપાસ તેઓ તરફ આવતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી અને ત્યારબાદ તપાસ દરમ્યાન ભોગબનનાર મળી આવતા તેઓનું નિવેદન નોંધેલું, જરૂરી પંચનામા કરેલા, આરોપીની ધરપકડ કરેલી અને તપાસના અંતે આરોપી વિરુદ્ધ ગુનાનું ચાર્જશીટ કરેલું. તે સિવાય વિશેષ કોઈ વિગત તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી.

(૨૦) આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ગંભીરતાથી એકીસાથે વંચાણે લેવામાં આવે તો આ કેસમાં ભોગબનનાર પોતે સોગંદ ઉપરની જુબાનીમાં હાલના આરોપી ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલા હોય અને આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. ભોગબનનારના માતા–પિતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનું નિવેદન ભોગબનનારે સ્વતંત્ર રીતે લખાવેલુ નથી પરંતુ લોકોના શીખવાડ્યા મુજબ લખાવેલું છે. આ સિવાય ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી ભોગબનનારે આપેલી નથી તેમજ ડોક્ટર સમક્ષની વિગત ભોગબનનારની માતાએ લખાવેલી છે તેવું પુરાવામાં રેકોર્ડ ઉપર આવેલ છે.

આ તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ રજૂ કરેલા પુરાવાના આધારે એ હકીકત સાબિત કરી શકતો નથી કે, બનાવ સમયે

હાલના આરોપીએ સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીની પરવાનગી સિવાય, કાયદેસરના વાલીની કસ્ટડીમાંથી, ગેરકાયદેસર રીતે પોતાની સાથે સગીરને લઈ જઈ, ભોગબનનારની સાથે એક કરતાં વધારે વખત શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી ગુનો કરેલો છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપું છું.

**મુદ્દા નં.૨:-**

(૨૧) આ કામે ફરીયાદ પક્ષ તરફથી જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે તે પુરાવામાં હાલના આરોપી ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલ હોય અને ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધી બદકામ કરી બળાત્કાર કરેલ હોય તે રીતની વિગતને પુરાવામાં સીધુ કે સાંયોગિક સમર્થન મળતું નથી અને તેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ રજૂ કરેલ પુરાવાના આધારે તહોમતનામાંની વિગતે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-// હુકમ //-**

આથી બી.એન.એસ.એસ. ની ક.૨૫૮(૧) મુજબ આરોપી સાહિલજી રમેશજી બેચરજી ઠાકોરનાઓને તેઓની સામેના બી.એન. એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોક્સો એક્ટ ૨૦૧૨ ની ક.૪, ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ આરોપીને તાત્કાલિક અસરથી જેલમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, બી.એન.એસ.એસ.ની ક.૪૮૧ મુજબ આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા, ૬ માસની મુદત માટેના અત્રેની અદાલતમાં જેલમુક્ત થયાના દિન-૭ માં આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વીત્યે મુદ્દામાલનો નાશ કરવો.

આરોપીને જેલ મુક્ત કરવા તાત્કાલિક યાદી કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૩/૦૩/૨૦૨૬
સ્થળઃ મહેસાણા

(એમ.એફ. ખત્રી)
બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા
સ્પે. જજ (પોકસો)
મહેસાણા
જીજે૦૦૬૯૧